# ઉચ્ચતર પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે શબ્દકોશ ઉપયોગ કાર્યક્રમની રચના અને અજમાયશ

જયેશ જે. પટેલ
ઉ.પ્રા.શિ. તલોદગામ પ્રા.શાળા
જિ. સાબરકાંઠા

## ૧ . પ્રસ્તાવના

ગુજરાતી ભાષા આપણી માતૃભાષા છે આમ છતાંય વર્ગખંડ અધ્યયન–અધ્યાયન સમયે જયારે અપરિચિત શબ્દો આવે ત્યારે વિદ્યાર્થીઓ મૂંઝવણ અનુભવતા હોય છે. શબ્દાર્થ ન સમજાય તો અધ્યયન બોધપ્રાપ્ય બનતું નથી. વળી પાઠ વિકાસ સાથે સાથે અન્ય અપરિચિત શબ્દો આવતા જ હોય ત્યારે વર્ગખંડની પરિસ્થિતિ વ્યાકુળ બની જાય છે. કારણ કે વિદ્યાર્થી માનસમાં એ અપરિચિત શબ્દોને સમજવા ચર્વણા ચાલતી હોય છે. પરિણામે પાઠવિકાસ સાથે વિદ્યાર્થીની ધ્યાનકેન્દ્રિતા, અર્થગ્રહણ, અભિવ્યકિત કદમ મિલાવી શકતા નથી. સમગ્ર વર્ગખંડમાં એક અસમંજસ સ્થિતિ છવાઈ જતી હોય છે. આ સમસ્યા સંદર્ભે પાયલોટ સ્ટડી કરતાં તેનું મુળ પ્રાપ્ત થયું કે વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ ઓછું છે. આ સમસ્યાના નિવારણ માટે ભાષા શિક્ષણમાં શબ્દકોશ, વ્યાકરણકોશ, જોડણીકોશનો ઉપયોગ અનિવાર્ય છે. કારણ કે પાઠયપુસ્તકના સ્વાધ્યાયમાં મર્યાદિત શબ્દાર્થ જ મળી શકે. આથી જો જોડણીકોશનો ઉપયોગ થાય તેમાંથી શબ્દાર્થ, વ્યાકરણીય વ્યુત્પત્તિ, શબ્દોના વિવિધ અર્થ, સાચી જોડણી શીખી શકે અને વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ પણ વિકસી શકે. સાથે સાથે ગુજરાતી ભાષા પ્રત્યે રૂચિ વધે અને ભાષાશિક્ષણ વધુ સરળ, પાચક અને અર્થગ્રહણયુકત બને પરંતુ વિદ્યાર્થીઓને શબ્દકોશ ઉપલબ્ધ કરી દેવાથી કે માત્ર શબ્દકોશ અંગે માહિતી આપી દેવાથી સમસ્યા નિવારણ ન થાય પણ વિદ્યાર્થીઓ સ્વયં તેનો ઉપયોગ કરે તો તેના ઉપયોગમાં પડતી મુશ્કેલીઓનો ઉપાય શોધવામાં સ્વાનુભાવ મેળવે અને શબ્દકોશનો ઉપયોગ કરતા શીખે આ આશયથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

## ૨. સંશોધન ક્ષેત્ર

| | | |
|---|---|---|
| શાળા | : | તલોદગામ પ્રાથમિક શાળા તા.તલોદ જિ.સાબરકાંઠા. |
| ધોરણ | : | ૬ થી ૮ (ઉચ્ચતર પ્રાથમિક શાળા) |
| વિષય | : | ગુજરાતી ભાષા શિક્ષણ |
| ક્ષેત્ર | : | ગુજરાતી ભાષા શબ્દકોશ ઉપયોગ |
| નિદર્શ | : | ૨૦ કુમાર + ૨૦ કન્યા = ૪૦ નમુનાપાત્રો |

## ૩. સમસ્યાનાં સંભવિત કારણો

| ક્રમ | સંભવિત કારણો | હકીક્ત | ધારણા |
|---|---|---|---|
| ૧ | શાળામાં શબ્દકોશનો અભાવ | | √ |
| ૨ | ભાષાશિક્ષણમાં શબ્દકોશના ઉપયોગનો અભાવ | | √ |
| ૩ | શબ્દકોશનો ઉપયોગ અંગે વિદ્યાર્થીઓની ઉદાસીનતા | √ | |

| ક્રમ | સંભવિત કારણો | હકીકત | ધારણા |
|---|---|---|---|
| ૪ | શબ્દકોશનો ઉપયોગ માટેની તકોનો અભાવ | √ | |
| ૫ | શબ્દકોશ ઉપયોગ અંગેની જાણકારીનો અભાવ | √ | |
| ૬ | શબ્દકોશનો ઉપયોગ અંગે મહાવરાનો અભાવ | √ | |

## ૪. પાયાની જરૂરી માહિતી

- શાળા પુસ્તકાલયમાં શબ્દકોશ અંગેની તપાસ
- ભાષા શિક્ષકો સાથે શબ્દકોશના ઉપયોગ અંગે ચર્ચા
- વિદ્યાર્થીઓ સાથે શબ્દકોશ ઉપયોગ પરત્વે ઉદાસીનતાના કારણોની ચર્ચા.

## ૫. ઉત્કલ્પના

- જો વિદ્યાર્થીઓ માટે શબ્દકોશ ઉપયોગ કાર્યક્રમ સંરચના કરી વિદ્યાર્થીઓને તેનો મહાવરો આપવામાં આવે તો વિદ્યાર્થીઓ શબ્દકોશ ઉપયોગ કરવામાં સક્ષમ બને.
- જો ભાષા શિક્ષણ સમયે વર્ગખંડમાં શબ્દકોશનો ઉપયોગની તકો નિર્માણ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ શબ્દકોશ ઉપયોગ માટે ઉત્સુક બને.

## ૬. પ્રયોગ કાર્યની રૂપરેખા

| ક્રમ | પ્રવૃત્તિ | ઉપકરણ |
|---|---|---|
| ૧ | શબ્દકોશ ઉપયોગ પરત્વે વિદ્યાર્થીઓની ઉદાસીનતા ના કારણો જાણવા | પાયલોટ સ્ટડી |
| ૨ | શબ્દકોશના ઉપયોગમાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ જાણવી | પૂર્વકસોટી |
| ૩ | શબ્દકોશનો ઉપયોગ કાર્યક્રમ અજમાયશ કરવી. | શબ્દકોશ ઉપયોગ કાર્યક્રમની માવજત |
| ૪ | શબ્દકોશ ઉપયોગ કાર્યક્રમની અસરકારકતા તપાસવી. | ઉત્તર કસોટી |

## ૭. મૂલ્યાંકન

પ્રસ્તુત સંશોધનમાં ઝુમખા નિદર્શન પધ્ધતિથી ૨૦ કુમાર અને ૨૦ કન્યાઓ એમ કુલ ૪૦ નમુનાપત્રોને પૂર્વકસોટી આપી તેના ધ્વારા શબ્દકોશ ઉપયોગ પરત્વે ઉદાસીનતાના કારણો તથા શબ્દકોશ ઉપયોગમાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ અંગે પ્રતિભાવો મેળવ્યા બાદ શબ્દકોશ ઉપયોગ કાર્યક્રમની સંરચના કરી નમુનાપાત્ર જુથને માવજત આપવામાં આવી ત્યારબાદ ઉત્તરકસોટી ધ્વારા પ્રતિચારો પ્રાપ્ત કરી તે માહિતીને આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓ આવૃત્તિ વિતરણ, સરાસરી, પ્રમાણવિચલન ને ટીમુલ્ય આધારે માહિતીનું પૃથકકરણ કર્યુ હતું.

**સારણી ૧**

| કસોટી | વિદ્યાર્થીઓની સંખ્યા | મધ્યક | તફાવત | પ્રમાણ વિચલન | પ્રમાણભૂલ | ટીમુલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|
| પૂર્વ કસોટી | ૪૦ | ૧૧.૪૫ | ૨૪.૩૨ | ૨.૭૩ | ૦.૭૨ | ૩૩.૭૭ | ૦.૦૧ |
| ઉત્તર કસોટી | ૪૦ | ૩૫.૭૭ | | ૩.૭૧ | | | કક્ષાએ સાર્થક છે |

## ૮. સંશોધનનાં તારણો

- શબ્દકોશ ઉપયોગ કાર્યક્રમની પૂર્વકસોટી અને ઉત્તર કસોટીમાં વિદ્યાર્થીઓએ મેળવેલાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક છે આથી કહી શકાય કે વિદ્યાર્થીઓ માટે શબ્દકોશ કાર્યક્રમ અસરકારક નિવડે છે.
- શબ્દકોશ ઉપયોગ કાર્યક્રમની માવજત આપવાથી વિદ્યાર્થીઓને શબ્દકોશ ઉપયોગ અંગેની મુશ્કેલીઓ દુર થાય છે અને સરળતાથી શબ્દકોશ ઉપયોગ કરવા સક્ષમ બને છે.
- ભાષાશિક્ષણના વર્ગખંડમાં શબ્દકોશના સઘન ઉપયોગથી વિદ્યાર્થીઓની શબ્દકોશ પ્રત્યે રસ–રૂચિ વધે છે.

## ૯. અનુકાર્ય

- વિદ્યાર્થીઓને શબ્દકોશ સરળતાથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવી.
- શબ્દકોશ ઉપયોગનો મહાવરા વિકાસ માટે શબ્દકોશ ઉપયોગની રમતો, શબ્દોની ગોઠવણી, શબ્દશોધ વગેરે પ્રયુક્તિઓ પ્રયોજવી.
- ભાષાશિક્ષણના તાસમાં શબ્દકોશ ઉપયોગની સઘન તકોનુ નિર્માણ કરવું.
- વર્ગખંડમાં "શબ્દકોશ ઉપયોગ પધ્ધતિ ચાર્ટ" ટી.એલ.એમ. સ્વરૂપે પ્રદર્શિત રાખવો.

## ૧૦. સંદર્ભસૂચિ

૧. ઉચાટ, ડી.એ. (૨૦૦૯). "શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર", અમદાવાદ.
૨. દેસાઈ , હરિભાઈ(૧૯૭૯). " સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ", અમદાવાદ, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
૩. પટેલ, મોહનભાઈ (૧૯૪૯). "સાર્થ જોડણીકોશ", અમદાવાદ, નવજીવન પ્રકાશન.
૪. ભગવતસિંહજી, (૧૯૮૬). "ભગવદ્ગોમંડલ", રાજકોટ, પ્રવીણ પ્રકાશન.
૫. શાસ્ત્રી, કે.કા. (૧૯૯૮). "બૃહદ ગુજરાતી જોડણીકોશ" અમદાવાદ, યુનિવર્સીટીગ્રંથ નિર્માણ બોર્ડ.